**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી**
(કાયદો અને વ્યવસ્થા વિભાગ), ગુજરાત રાજ્ય,
પ્રથમ માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૪૩૩૧, ફેક્સ નં. ૦૭૯ ૨૩૨૪૬૩૨૯
Email-dgp-g1-ct1@gujarat.gov.in

**ક્રમાંક** : જી-૧/ક્રાઇમ/ટે-૧/MP-MLA-૩૪/૩૦૧૪/૨૦૨૩
તા. ૧૫/૦૯/૨૦૨૩

પ્રતિ
તમામ પોલીસ કમિશનરશ્રી
તમામ Heads of Range
તમામ પોલીસ અધીક્ષકશ્રી (પશ્ચિમ રેલ્વે અમદાવાદ અને વડોદરા સહિત)

**વિષય:** કોઇપણ પોલીસ સ્ટેશને ફરીયાદીનો ગુનો નોંધવા બાબત

**સંદર્ભ:** (૧) પોલીસ અધીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ-૨, ગુ.રા., ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક:૧૮૬/STB/RB/F.NO.48/ગર્વ.રેફ./રજુઆત/૮૯૨/૨૦૨૩, તા. ૧૧/૦૯/૨૦૨૩
(૨) અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, ગૃહ તથા અન્ય, ગુજરાત સરકાર, સ્વર્ણિમ સંકુલ-૨-૧, પહેલો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક:રા.ક.મંત્રી/ગૃહ/વા.વ્ય./ર.ગ/ઉદ્યોગ/બિ.ગુ.પ્ર./ગૃ.ગ્રા.ર.દ./જેલ /૨૪૩૪/૨૦૨૩,તા. ૨૮/૦૭/૨૦૨૩.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, પોલીસ અધીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ-૨, ગુ.રા., ગાંધીનગરનાઓના સંદર્ભ-(૧) ના પત્ર સાથે મળેલ અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, ગૃહ તથા અન્ય નાઓના સંદર્ભ-(૨) નો રજુઆત પત્ર બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

૨. પ્રસ્તુત સંદર્ભ-(૧) ના પત્રમાં જણાવ્યા મુજબ ઉકત રજુઆતના મુદ્દા નં. ૩ માં જણાવ્યા અનુસાર હાઈવે ઉપર થતી લુંટ તેમજ ચોરી બાબતની FIR કરવામાં બનાવની હદ નકકી કરવા બાબતે નકારવામાં આવે છે. આ બાબતે પહેલા પણ સર્કયુલર થયેલ કે બનાવના સ્થળ કે જાણ થવાના સ્થળથી જગ્યાએ જરૂર પડે તો **" 0 "** નંબરથી FIR દાખલ થવી જોઈએ અને ત્યારબાદ વિગતોની આધારે જે-તે કચેરીમાં મોકલી શકાય. રજુઆતના (મુદ્દા નં. ૩) જણાવ્યા મુજબ સદર બાબતે બે-ત્રણ દિવસ પહેલા કે બે-ત્રણ પોલીસ સ્ટેશનમાં ફર્યા વગર FIR દાખલ થતી નથી. જે બાબતેની રજુઆત પરત્વે નિયમોનુસાર કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

૩. સદરહું બાબતે અત્રેથી (૧) કોઇપણ પોલીસ સ્ટેશને ફરીયાદીનો ગુનો નોંધવા બાબતે અત્રેની કચેરીના પત્ર ક્માંક:જી-૧/સી.૩/૧૯૧૧/૧૨૫૫/૯૭, તા. ૧૯/૦૬/૧૯૯૭ થી તમામ CP/SP શ્રી ઓને તથા (૨) કોગ્નિઝેબલ ગુનાની ફરીયાદ પ્રજા તરફથી કરવામાં આવે ત્યારે તાત્કાલિક ફરીયાદ નોંધવા બાબતે અત્રેની કચેરીના યાદી/પત્ર ક્માંક:જી-૧/ક્રાઇમ/ટે-૧/યાદી/૨૨૯૮/૨૦૧૩, તા. ૦૯/૦૭/૨૦૧૩ થી તમામ CP/રેન્જ/SP શ્રીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે તથા (૩) પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવા/દાખલ કરવા અંગે લલીતાકુમાર VS સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના જજમેન્ટ સંદર્ભે અત્રેની કચેરીના પત્ર ક્માંક:જી-૧/ક્રાઇમ/ટે-૧/યાદી /૩૫૦૫/૨૦૧૩, તા. ૦૯/૦૭/૨૦૧૩ થી સ્થાયી હુકમ નં. ૦૧/૨૦૧૩ બહાર પાડવામાં આવેલ છે. જેથી, સદર બાબતે અત્રેની કચેરીના ઉકત તા. ૧૯/૦૬/૧૯૯૭, તા. ૦૯/૦૭/૨૦૧૩ તથા તા. ૧૧/૧૨/૨૦૧૩ થી બહાર પાડેલ યાદી/સ્થાયી હુકમનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

**બિડાણ :** ઉપર મુજબ.

**"પોલીસ મહાનિદેશકશ્રી(કા. અને વ્ય.) નાઓના આદેશથી "**

**(દીપક મેઘાણી)**
પોલીસ અધીક્ષક,
(કાયદો અને વ્યવસ્થા)
ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:**

અંગત સચિવશ્રી,
માન. રાજયકક્ષાના મંત્રીશ્રી,
ગૃહ તથા અન્ય, ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૨-૧, પહેલો માળ,
સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર

પ્રમુખશ્રી વાસણભાઇ જી. આહીર,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ

AGTTA
DT. 22/09/2023
File No. 20